

વેલકમ-૨૦૧૮ : શહેરમાં અનેક સ્થાનો પર નવા વર્ષના વધામણા માટે ડાન્સ પાર્ટીનું આયોજન કરાયું હતું... યુવાનો મન મુકીને ડાન્સમાં જોડાયા હતા... ડીજેના તાલે શહેરના યુવાનો ઝુમ્યા હતા...

# શહેરમાં બે ડિગ્રી પારો ગગડતા ઠંડીમાં વધારો

## વર્ષના અંતિમ દિવસે ઠંડા પવનોથી વસાહતીઓ ઠુંઠવાયા : લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી નોંધાયુ

ગાંધીનગર, તા.૧

વર્ષના અંતે ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમનમાં બે ડિગ્રીનો ઘટાડો થતાં પારો ૧૦ ડિગ્રી સુધી પહોંચી ગયો છે.

ડિસેમ્બર માસના અંતે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. નવા વર્ષને વધાવવા ઘરની બહાર નીકળેલા વસાહતીઓને કાતિલ ઠંડીથી બચવા જાતભાતના ઉપાયો અજમાવવા પડયા હતા. દ્વિચક્રી વાહન પર નીકળનારાઓની હાલત વધુ કફોડી બની હતી. સૌ કોઈ ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા નજરે ચઢતા હતા. આખો દિવસ ઠંડો પવન ફુંકાતા દિવસ દરમિયાન પણ ગરમવસ્ત્રો પહેરવાની ફરજ પડે છે. જો કે આકાશ સ્વચ્છ હોવાથી મહત્તમ તાપમાન ૨૭.૫ ડિ.સે. જેટલું નોંધાયું હતું. પરંતુ લઘુત્તમ તાપમાન ઘટતા રાત્રિના સમયે વસાહતીઓ ટાઢમાં ઠુંઠવાયા હતા. ખુલ્લામાં રહેતા પરિવારોએ તાપણાં સળગાવી ઠંડીથી રાહત મેળવી હતી. ઘણા પરિવારોએ ઘરમાં કોલસાની સગડી સળગાવી ઠંડીને દૂર રાખવાનો પ્રયત્ન કર્યો હતો. ઠંડીથી રક્ષણ મેળવવા અને ટાઢ ઉડાડવા મહિલાઓ અને બાળકોએ તડકામાં બેસી સમય પસાર કર્યો હતો. એક દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું હતું. જેમાં બે ડિગ્રી જેટલો ઘટાડો થતાં ઠંડી વધી હતી. ઠંડી વધતા ગરમ વસ્ત્રો ખરીદવા માટે બજારોમાં ઘરાકી જામી હતી. ગરમ વસ્ત્રો માટેના ખાસ બજાર તિબેટીયન માર્કેટમાં પણ ઘરાકી ઉઘડી હતી. હજુ આગામી દિવસોમાં વધુ ઠંડી પડે તેવી આગાહી કરવામાં આવી છે.

### આને કહેવાય ગાંધીનગર...

# ન્યુ યર પાર્ટીમાં એકપણ પીધેલો પકડાયો નહીં..!!

ગાંધીનગર તા ૧

ગુજરાતમાં કહેવાતી દારુ બંધી વચ્ચે આડાદિવસે અનેકવાર દારુડીયાઓ પોલીસની ઝપટે ચઢે છે. દારુના નશામાં છાકટા બનેલા રસ્તે રખડતા દારુડીયાઓ સહીત મહેફીલના પણ અનેક કીસ્સાઓ પ્રકાશમાં આવે છે. જયારે ન્યુ યર સેલિબ્રેશનમાં આ વખતે ગાંધીનગર દારુની બદીમાંથી મુક્ત થઈ ગયુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. પોલીસનો ખૌફ અસરદાર રહયો કે દારુડીયાઓ સુધરી ગયા એ વાત વિચારવા લાયક છે. નવા વર્ષમાં કોઈપણ દારુ પીને છાકટુ ન બને તે માટે પોલીસે પણ સઘન પેટ્રોલીંગ અને વાહનચેકીંગની ઝુંબેશ પણ હાથ ધરી હતી. આમછતા નગરમાં એક પણ પીધેલો પોલીસના હાથે ઝડપાયો નથી. મતલબ દારુ પીવાયો નથી કે કોઈ પકડાયા નથી !! એ વાત ઔર છે!! પરંતુ ગુજરાતના પાટનગરમાં નવા વર્ષના પ્રારંભે કડક દારુબંધીની અસર જોવા મળી તેમ કહીએ તો નવાઈ પામવા જેવુ નથી !! આને કહેવાય ગાંધીનગર..!!

નવા વર્ષનો મંગલમય પ્રારંભ થઈ ગયો છે. જયારે નવા વર્ષની પુર્વ સંધ્યાએ વર્ષ ૨૦૧૮ને વેલકમ કરવા માટે અનેકવિધ ઠેકાણે ન્યુયર સેલિબ્રેશનની પાર્ટીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. યુવાવર્ગ મોડીરાત સુધી આ સેલિબ્રેશનમાં ડિ જે ના તાલુ જુમતો જોવા મળ્યો હતો. નવા વર્ષની ઉજવણી માટે ડ્રિંકસ, ડિનર અને ડિ જે નો અનોખા મેળ સાથે ઉજવવાનો પણ ટ્રેન્ડ છે. હાઈ સોસાયટીમાં હવે હાર્ડ ડ્રીંકસ પીરસવાનુ સ્ટેટસ સિમ્બોલ સમાન બની ગયુ હોવાનો પણ ગણગણાટ છે. જયારે નવા વર્ષની ઉજવણીમાં દારુના નશામાં યુવાનો છાકટા ન બને તે માટે ગાંધીનગર પોલીસે પણ ચાંપતો બન્દોબસ્ત ગોઠવ્યો હતો. ચુસ્ત દારુબંધી માટે પોલીસે સઘન પેટ્રોલીંગ, વાહનચેકીંગની ઝુંબેશ પણ આરંભી હતી. જો કે ન્યુયર સેલિબ્રેશનમાં એક પણ દારુડીયો પોલીસના હાથ લાગ્યો નથી. કોઈ દારુના નશામાં પોલીસની ગિરફતમાં આવ્યુ નથી. અલબત્ત દારુ પીવાયો નથી...!! ચુંટણી દરમિયાન તેમજ ન્યુયર પુર્વે પણ જિલ્લામાં વિદેશી દારુ મોટી માત્રામાં પકડયો છે. મોટાભાગે ન્યુયર સેલિબ્રેશનમાં દારુડીયાઓ પોલીસને ઝપટે ચઢતા હોય છે. પરંતુ હવે દારુડીયાઓ નશો નહીં કરવાના મુડ સાથે નો વાઈન.. આઈ એમ ફાઈન..ના અભિગમ સાથે સુધરી ગયા હોવાનુ પોલીસની કામગીરીના અંતે સ્પષ્ટ થયુ છે ! ગુજરાતમાં દારુબંધીનો ચુસ્ત અમલ નવા વર્ષના પ્રારંભે જોવા મળ્યો આને કહેવાય ગાંધીનગર...!!

# ફાયરબ્રિગેડની ટીમે એક વર્ષમાં ૭૬૪ બન્દોબસ્ત અને ૧૬૮ ફાયરકોલ એટેન્ડ કર્યા

## જિલ્લામાં ૧૩૯ બચાવકોલ સંદર્ભે પણ સેવા પુરી પાડી : માર્ચ : એપ્રિલમાં સૌથી વધુ પરફાયર કોલ એટેન્ડ કર્યા જયારે મેં અને ઓગષ્ટમાં ૪૭ બચાવકોલ સંદર્ભે કામગીરી કરી

ગાંધીનગર તા ૧

ગાંધીનગર ફાયર બ્રિગેડે ગત વર્ષ દરમિયાન કુલ ૧૬૮ ફાયર કોલ અને ૧૩૯ બચાવ કોલ સંદર્ભે કામગીરી કરી છે. ફાયર બ્રિગેડે વર્ષ દરમિયાન મળતા કોલના આધારે આગ ઓલવવા ઉપરાંત બચાવ કામગીરી હાથ ધરી જીવદયા પણ દાખવી છે આ ઉપરાંત વર્ષ દરમિયાન ૭૬૪ બન્દોબસ્તમાં પણ ફરજ અદા કરી છે.

ગાંધીનગરમાં આગ અકસ્માત તેમજ અબોલ પશુઓનો જીવ બચાવવાની ઉમદા કામગીરી કરતા ફાયર બ્રિગેડે વર્ષ દરમિયાન ઉમદા ફરજ બજાવી છે. ફાયર બ્રિગેડ દુર્ધટના વેળાએ અણીના સમયે હાજર થતા જાનમાલની બરબાદી અટકાવવામાં અસરકારક પુરવાર થયુ છે. ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે ફાયર ઓફિસર મહેશ મોડની આગેવાની હેઠળ ગત વર્ષ દરમિયાન પ્રશંસનીય કામગીરી કરી છે. જેમાં ફાયર બ્રિગેડે વર્ષ દરમિયાન શહેરમાં ૧૨૪ અને જિલ્લામાં ૧૬૮ ફાયર કોલ એટેન્ડ કર્યા છે. આ દરમિયાન જરૂરી કામગીરી કરી દુર્ધટનાને અટકાવી છે. આ ઉપરાંત શહેરમાં બચાવકોલ અન્વયે ૫૬ અને જિલ્લામાં ૮૩ એમ કુલ મળી ૧૩૯ બચાવ કોલ અન્વયે સેવા પુરી પાડી છે. વર્ષ દરમિયાન સૌથી વધુ ૨૭ ફાયર કોલ એપ્રિલ મહીનામાં એટેન્ડ કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોર્પોરેટ લુક ધરાવતા ૯૦ મકાનો બંધાશે

## તંત્ર દ્વારા દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરાશે : સ્થળ પસંદગીના અંતે નિર્ણય લેવાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ ધ્યાને આવ્યા બાદ હવે જોખમી મકાનોનો કડુસલો બોલાવી તેના સ્થાને નવા કોર્પોરેટ લુક ધરાવતા મકાનો બાંધવામાં આવી રહયા છે. સે-૭ માં આ યોજના અન્વયે ટાવર કોલોનીનુ નિર્માણ કરી દેવાયુ છે. જયારે અન્ય ઠેકાણે કામ ચાલી રહયુ છે. ત્યારે હજુ પણ નવા મકાનો બાંધવા માટે તંત્ર દ્વારા સ્થળ પસંદગી અંગે વિચારણા હાથ ધરવામાં આવી છે. વધુ ૯૦ મકાનો બાંધવા માટે તંત્ર કક્ષાએથી વિભાગને નવી દરખાસ્ત કરવામાં આવશે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ ધ્યાને આવતા કર્મચારીઓને આવાસ ફાળવવાનુ કામ શિરદર્દ સમાન બન્યુ છે. જેના લીધે તંત્રના ચોપડે આવાસ મેળવવા માટે અરજદારોની પ્રતિક્ષા યાદી પણ મોટી થઈ છે. આવા સંજોગોમાં હાલના સરકારી મકાનો તબક્કાવાર તોડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. ત્યારે હજુ પણ જુના અને કંગાળ ભાસતા મકાનો તોડી નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવનાર છે. બીજીતરફ શહેરના સે-૭ માં નવી ટાવર કોલોની ઉભી કરવામાં આવી છે. જેમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ કરી દેવાયો છે. જયારે સે-૨૯ અને સે-૩૦ માં પણ કોર્પોરેટ લુક ધરાવતા આવાસોનુ કામ ચાલી રહયુ છે. જેના અંતે પ્રતિક્ષા યાદીમાં સામેલ અરજદારોને પણ સમાવી લેવાશે. પરંતુ હાલના મોટાભાગના મકાનો જોખમી હોવાના લીધે તંત્ર દ્વારા અભ્યાસના અંતે મકાનો તોડવાનુ કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયુ છે. સે-૫ અને સે-૬ માં નવી ટાવર કોલોની બાંધવા માટે પણ ટુંકમાં કામ શરૂ કરી દેવાશે. જયારે આ ઉપરાંત પણ નવા મકાનો બાંધવા માટે તંત્ર હરકતમાં છે. આ માટે હજુ નવા મકાનો બાંધવા માટે સ્થળ પસંદગી કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા આ મામલે દરખાસ્ત તૈયાર કરી દેવાઈ છે. વિભાગ કક્ષાએ દરખાસ્ત રજુ કરાયા બાદ મંજુરીના અંતે આગળની કાર્યવાહી હાથ ધરાશે. નવા ૯૦ મકાનો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહયુ છે. શહેરમાં વર્ષો જુના સરકારી આવાસો દુર કરી નવા આવાસો બાંધવા માટે તબક્કાવાર નવા કામો હાથ ધરવામાં આવી રહયા છે.

# ૧૦૮ની સેવાઓના સઘનીકરણ માટે હોસ્પિટલોને જોડતી વેબ-મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૧

હવે, ૧૦૮ની સેવા દ્વારા હોસ્પિટલ અને એમ્બ્યુલન્સને જોડતી વેબપેઝ એપ્લીકેશન અને મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

## ૧૦૮ની ૫૮૫ એમ્બ્યુલન્સો હાલ કાર્યરત છે : ૬.૩૯ લાખ માનવ જીંદગી બચાવી લેવામાં આવી છે

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો ૧૦૮ ની ૫૮૫ જેટલી એમ્બ્યુલન્સો હાલ રાજયના વિવિધ વિસ્તારોમાં સેવા આપી રહેલ છે. આ એમ્બ્યુલન્સો દ્વારા અત્યાર સુધીમાં ૬.૩૯ લાખ જીંદગીને બચાવવાનું ભગીરત કાર્ય થઈ શકયું છે.

૧૦૮ ની સેવાઓના સઘનીકરણની દિશામાં વધુ એક મહત્વનું કદમ ઉઠાવતાં તંત્ર એ હવે એમ્બ્યુલન્સ અને હોસ્પિટલને જોડતી વેબપેઝ એપ્લીકેશન અને મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરવાનો નિર્ણય કરેલ છે. અને આ દિશામાં કાર્યવાહી પણ આરંભી દેવામાં આવી છે.

આ એપ્લીકેશનના માધ્યમથી હોસ્પિટલ ખાતે લઈ આવતી એમ્બ્યુલન્સની આગોતરી જાણકારી હોસ્પિટલ સત્તાવાળાઓને ઉપલબ્ધ થશે.

આ માટે હોસ્પિટલોને ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવશે એટલું જ નહિ દરેક હોસ્પિટલમાં આ અંગે એક નોડલ ઓફિસરને પણ નિયુકત કરવામાં આવશે. હોસ્પિટલના કોમ્પ્યુટરો પણ ૨૪x૭ મોડયુલ તૈયાર કરી રાખવાના રહેશે.

વેબપેઝ એપ્લીકેશન પર પળેપળની વિગતો ઉપલબ્ધ હોવાથી આ માટે હોસ્પિટલને સારવારની તૈયારી કરવાની રહેશે એટલું જ નહિ સ્ટ્રેચરથી પલંગ અને સારવારની કામગીરી વેગીલી બનશે. જેથી સમયસરની સારવાર મળશે એટલું જ નહિ દર્દીને ઝડપથી સુવિધાઓ પણ હોસ્પિટલમાં ઉપલબ્ધ બનશે.

રાજયમાં આરોગ્યની સુવિધાઓના સઘનીકરણ માટે આ વર્ષે ઘણા મહત્વના શ્રેણીબધ્ધ પગલાંઓ લેવામાં આવશે તેવા સંકેતો આપતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે હોસ્પિટલો અને પ્રા.આ. કેન્દ્રોના પ્રસુતિગૃહોના આધુનિકરણ ઉપરાંત પ્રા.આ. કેન્દ્રો અને હોસ્પિટલો તેમજ પ્રા.આ. કેન્દ્રને સાંકળતી એક ખાસ કોમ્યુનિકેશન સિસ્ટમ પણ ડેવલપ કરવામાં આવી રહી છે.




દબાણમુક્ત પાટનગર - શહેરમાં આજકાલ દબાણ હટાવ ઝુંબેશ તીવ્ર ગતિથી ચાલે છે... ગેરકાયદેસર લારી-ગલ્લા તથા હોર્ડિંગ-બેનરને લક્ષ્ય બનાવાયા હતા... દબાણ હટાવ ટીમે શહેરના જુના સેક્ટરોમાં દબાણો હટાવ્યા હતા...

# શહેરમાં ભયજનક ૧૨૦ મકાનો તોડી પડાશે

ગાંધીનગર, તા. ૧

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે તંત્ર દ્વારા તબક્કાવાર જોખમી આવાસો તોડવાનુ કામ હાથ ધરવામાં આવે છે. આગામી દિવસોમાં સે-૨૨ અને સે-૨૮ માં પણ જ , ચ તેમજ ઘ કક્ષાના ૧૨૦ મકાનો તોડવાનુ કામ હાથ ધરાશે.

## સે-૨૨ અને સે-૨૮ માં મકાનો તોડવામાં આવશે : અગાઉ પણ સે-૬, ૭ અને સે-૧૩ માં મકાનો તોડવામાં આવ્યા હતા

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ જોખમી મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ હાલ આ ઠેકાણે નવા કોર્પોરેટ લુક ધરાવતા સરકારી આવાસો પણ ઉભા કરી દેવાયા છે. જયારે તંત્ર દ્વારા હાથ ધરાતા સર્વેના અંતે સેકટરોમાં જોખમી માલુમ પડતા સરકારી આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહયા છે. અગાઉ પણ સે-૬ અને સે-૭ માં જુના અને કંગાળ ભાસતા સરકારી આવાસો તોડી નાંખવામાં આવ્યા હતા. શેહરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ પણ હજુ જોખમી મકાનોની સંખ્યા વિશેષ છે. ત્યારે તંત્ર દ્વારા સેકટરોમાં જુદી જુદી કક્ષાના મકાનોનો અભ્યાસ હાથ ધરી જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર મંજુરી મેળવી કામ હાથ ધરવામાં આવે છે. શહેરમાં જોખમી મકાનો દુર કરી નવા મકાનો બાંધવા માટેનુ કામ પણ પ્રગતિ હેઠળ છે. ત્યારે સતત જુના મકાનોનો નિકાલ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની ૨૦૦ ગ્રામ પંચાયતો પરફોમન્સ ગ્રાન્ટ મળવા પાત્ર બને છે

## પરફોમન્સ ગ્રાન્ટનું વિતરણ ગ્રેડીંગ પ્રમાણે થશે : ગ્રેડીંગ સાથેની દરખાસ્ત એકાદ સપ્તાહમાં સરકારને મોકલાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લામાં ૨૦૦ ગ્રામ પંચાયતો પરફોમન્સ ગ્રાન્ટ મેળવવા માટેની હક્કદાર બનશે.

સ્થાનિક ભંડોળની કચેરી દ્વારા ઓડિટ કરાયા બાદ જિલ્લાની ૩૦૩ ગ્રામ પંચાયતો પૈકી ૨૦૦ ગ્રામ પંચાયતોની ૨૦૧૪-૧૫ની તુલનામાં ૨૦૧૫-૧૬માં આવક વૃધ્ધિ જણાયેલ છે.

મળતી વિગતો મુજબ ૧૪મા નાણાંપંચમાં આવક વૃધ્ધિના માપદંડને ધ્યાને રાખી પરફોમન્સ ગ્રાન્ટ ૧૦ ટકા જેટલી ચુકવવાનો નિર્ણય કરાયેલ છે. જો કે તાજેતરમાં કેન્દ્ર સરકારે આ નીતિમાં બદલાવ કરી અને ગ્રેડીંગ આપવાની નીતિ અમલી બનાવવાનો નિર્ણય કરેલ છે તે મુજબ હવે ગ્રેડીંગની કામગીરી આગામી દિવસોમાં થશે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતિ વિગતો પ્રમાણે આમ તો નવેમ્બર માસમાં આ અંગેની દરખાસ્ત જુની નીતિ પ્રમાણે મોકલવાની થતી હતી. હવે તેમાં થયેલા ફેરફારને પગલે ૧૫ જાન્યુઆરી સુધીમાં આ અંગેની દરખાસ્ત સરકારને મોકલી આપવાની રહેશે.

જિલ્લામાં ૨૦૦ ગ્રામ પંચાયતો જે પરફોમન્સ ગ્રાન્ટ મેળવવાને પાત્ર થાય છે તેમાં દહેગામની ૪૭, ગાંધીનગરની ૫૫, કલોલની ૪૯ અને માણસાની ૪૯ પંચાયતોનો સમાવેશ થાય છે.

જિલ્લાની ૧૦૨ ગ્રામ પંચાયતોમાં આવકનો ઘટાડો જણાયો છે જે ૧ ટકાથી લઈ ૧૦ ટકા સુધીનો હોવાનું બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે. એવી પણ ચોંકાવનારી હકીકત બહાર આવવા પામી છે કે સ્વચ્છતા વેરો ભરવામાં ઘણી બધી પંચાયતોમાં ઉદાસીનતા જોવા મળી રહી છે.

પંચાયતોના ગ્રેડીંગ માટે ફરજીયાત માપદંડ અને મરજીયાત માપદંડ અલગ અલગ નિયત કરાયા છે અને તેમાં ગુણાંકન આવ્યા બાદ ગ્રેડીંગ થશે અને તે ગ્રેડીંગને આધાર બનાવી પરફોમન્સ ગ્રાન્ટની તે પ્રમાણે ચુકવણી કરવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com